આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

05 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૨ | ૧૨ ડિસેમ્બર, ૨૦૧૨, બુધવાર; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ પરાકાષ્ટાએ

## ગાંધીનગર (ઉત્તર) અને ગાંધીનગર (દક્ષિણ)માં બન્ને પક્ષો એડીચોટીનું જોર લગાવે છે : જાહેર સભાઓ અને લોકસંપર્કથી વિસ્તાર ધમધમે છે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૭ બેટકો પરના પ્રચાર પડધમ શાંત થતાં જ હવે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત તરફ રાજકીય નેતાઓની પ્રચાર ઝુંબેશમાં વેગ આવ્યો છે. એક તરફ ઉમેદવારો દ્વારા લોકસંપર્ક તો પક્ષના નેતાઓ દ્વારા જાહેરસભાઓ અને કાર્યકરોની ગૃપ બેઠકોના આયોજનો વેગીલા બનતાં રાજકીય ગરમાવો તેની પરાકાષ્ટાએ પહોંચી રહ્યો છે.

ગાંધીનગર અને ઉત્તર ગુજરાતમાં રાજકીય આગેવાનો આગામી બે-ત્રણ દિવસમાં મોટી સંખ્યામાં ઉતરી રહ્યા છે. તો ઉમેદવારો પણ તેમની લોકસંપર્ક યાત્રાઓ સઘન બનાવી વિસ્તારોના ખૂણેખૂણા ખૂંદવામાં વ્યસ્ત બન્યા છે.

ગાંધીનગરમાં ગઈકાલે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધી ૧ ૩મીએ ઉત્તર ગુજરાતના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૧

કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી રાહુલ ગાંધી ૧ ૩મી ડિસેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

રાહુલ ગાંધીના હાલના કાર્યક્રમ મુજબ તેઓ ૧ ૩મીએ પાલનપુર અને ત્યારબાદ શામળાજી ખાતે જાહેરસભાઓને સંબોધન કરનાર છે.

રાહુલ ગાંધીના કાર્યક્રમની ઘોષણા થતાં જ યુવક કોંગ્રેસના આગેવાનોમાં ઉત્સાહનું મોજું પ્રસરી ગયું છે અને આ બંને જાહેરસભાઓના આયોજનની તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. આ બંને સભાઓમાં યુવાનો મોટી સંખ્યામાં હાજર રહે તેનું આયોજન થઈ રહ્યું હોવાનું યુવક કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


આજે ઐતિહાસિક દિવસ
12-12-12
૨૧મી સદીનો અંતિમ ડ્રાયો



અભિનંદન

આજના દિવસે આપ ૬૦માં વર્ષમાં પ્રવેશી રહ્યા છો ત્યારે આપને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ...

શરદ વ્યાસ

બચુભાઈ વ્યાસ
જ્યોતિન્દ્ર વ્યાસ નિમિષ વ્યાસ
મિત્રો અને સ્નેહીઓ...

Entering Gretiously in to the Fourth year Successfully



HOTEL President
Where Hospitality Speaks...
HONEST restaurant
Harendrasinh jadav
Chairman & M.D.
M: 9898704537
Plot No.1, Sec. -11, B\h. Petrol Pump,Gandhinagar
Telefex : 079-23233444, 079-65723444, Email : Presidenthl@yahoo.com

આ છે છેલ્લા દસકાથી ગુજરાતની ઓળખ

ના આતંકવાદ, ના નક્સલવાદ,
ના માફિયા, ના કર્ફ્યુ,
ના હુલ્લડો, ના ગોટાળા,
ના ભ્રષ્ટાચાર, ના વંશવાદ,
ના વચેટિયા, ના જ્ઞાતિવાદ

દેશભક્તિ અને જનકલ્યાણ માટે,





એકમત ગુજરાત
બને ભાજપ સરકાર

www.ekmatgujarat.com
facebook.com/ekmatgujarat

ભાજપ સરકારની
વાયબ્રન્ટ સમીટ એટલે નામ બડે ઓર દર્શન ખોટે




વાયબ્રન્ટ ગપ્પાબાજી: દર વાયબ્રન્ટ સમીટમાં અમલવારી ઘટતી જ જાય છે

વાયબ્રન્ટ સમીટ એટલે મોટા મૂડીરોકાણની ગપ્પાબાજી અને પ્રજા સાથે ખુલ્લી છેતરપિંડી! પણ હવે વાયબ્રન્ટ સમીટની પોલ સાવ ખુલી ગઈ છે.

પ્રજાને છેતરવા માટે કરાતા ૯૮ ટકા એમ.ઓ.યુ. ગપ્પાબાજી સાબિત થાય છે.

જે રાજ્યો વાયબ્રન્ટના તમાશા નથી કરતા તે ગુજરાત કરતાં રોકાણમાં આગળ નીકળી જાય છે. જેમાં રોજગારી કે મોટુ મૂડીરોકાણ નથી મળતુ એવા વાયબ્રન્ટથી ગુજરાતની પ્રજાને શું મળ્યું?




વાતો મોટી મોટી પણ અમલવારી માત્ર ૧.૪૩%

ભાજપનો ઉઘાડો પડયો છે દંભ
આ છે હવે અંતનો આરંભ